"મને તો હજીયે થાય છે કે તું રહી જા!"

વિમલ બોલી ગયો પછી એને લાગ્યું કે એની ભૂલ થઈ છે. નહોતું બોલવું જોઈતું. કદાચ આજે વહેલું જ નહોતું આવવું જોઈતું. પ્રમથેશ કે કુમાર કે બીજા કોઈની સાથે એકાદ ફિલ્મ જોઈ નાખી હોત તો ઘરે પહોંચતાં દસ ખુશીથી વગાડી શકાત. પણ બીજા ઘણા વિચારોની જેમ આ વિચાર પણ થોડો મોડો આવ્યો. હવે તો એનું કંઈ થઈ શકે એમ જ નહોતું. ઘેર અવાઈ ગયું હતું અને આ જે નહોતું બોલવું જોઈતું તે પણ બોલાઈ ગયું હતું. ઊંડી વાવમાં ફેંકાયેલા પથરાનો ઘા શમે ને પાણી પાછાં સમથળ થાય તેની રાહ જોતા મુસાફરની માફક તે થોડી વાર બેસી રહ્યો. પછી એણે રન્નાની સામે જોયું.

જોકે જોવાનો પણ કશો અર્થ નહોતો. તે એવી જ દેખાવાની. અત્યંત શાંત મુખાકૃતિ, મોટી સહેજ બહાર તરી આવતી આંખો પર પાંપણના પડદા હંમેશ થોડા ઢળેલા રહે છે. જોતાં જ થાય કે આ સ્ત્રીના જીવનમાં ક્યાંય કશું ચડાણ-ઉતરાણ આવ્યું નથી. આવશે પણ નહીં. મંદ એકધારી ગતિએ બાકીનાં વર્ષો પણ વહી જવાનાં.

પણ આજે રાતે તે ચાલી જવાની છે.

તદ્દન નિશ્ચિત વાત. હવે તેમાં તલભાર ફેરફાર થઈ શકે નહિં, તોયે પોતે ગધેડાની માફક બોલી બેઠો, "રહી જા!"

હવે વિમલને ખૂબ શરમ આવવા લાગી. આવું ન બોલ્યો હોત તો સારું થાત. પણ ઓરડો કંઈ નિશાળની પાટી નથી. ભીનું પોતું ફેરવીને અહીં કશું જ ભૂંસી શકાતું નથી... એકાએક તેને થાક લાગવા માંડ્યો. આંખો બંધ કરી દઈને તે પાછો બોલ્યો, "અચ્છા, તને ઠીક લાગે તેમ કર! તેં પણ વિચાર કર્યો જ હશે ને!"

"કર્યો તો છે, પણ બરાબર સમજી શકતી નથી, ઠીક કર્યો છે કે નહીં. હવે તો - પછી જ ખબર પડશે!"

"પછી - બહુ મોડું થઈ ગયું હશે."

"બનવાજોગ છે." રન્નાએ તેવા જ શાંત ભાવે કહ્યું, વિમલ તેની સામે જોઈ

રહ્યો. સુડોળ, એકવડો દેહ. વરસ પછી વરસ બારણે ટકોરા મારી નિરાશ થઈને ચાલ્યાં જાય છે. મુલાયમ ત્વચા પર કે કાળા વાળનાં વાદળ પર ક્યાંય કશું નિશાન મૂકી શક્યાં નથી. રન્ના વીસ વરસ પહેલાં હતી તેવી ને તેવડી જ છે. જાણે ત્યાર પછી જીવી જ નથી.

પણ જીવી તો છે. વિમલ સમજી ન શકે તેવું ઘણું બધું જીવી છે. નહીંતર આજે આ જવાની વાત જ ઊભી ન થઈ હોત. ઓચિંતું જ તેને મોંએથી નીકળી ગયું : "દીપાલી હોત તો તું ન જાત." આ વખતે બોલ્યાનો પસ્તાવો ન થયો. ઊલટાનું સારું લાગ્યું. જાણે છાતી પરથી થોડોક ભાર હળવો થઈ ગયો. રન્નાના મોં સામે જોવાની કશી જરૂર હતી નહીં. એ રડવાની. વિમલને ખબર છે, તોયે જાણે બોલ્યાથી સારું લાગ્યું. રન્ના આટલા શાંત ભાવે ઘર છોડીને ચાલી જાય તે બહુ ખરાબ લાગતું હતું. બેહૂદું, વિચિત્ર!

આખરે વીસ વરસથી તેઓ સાથે રહે છે. જતી વખતે ભલેને દીપાલીને સંભારીને તે થોડાંક આંસુ સારે – વિમલને એ ગમશે. કંઈ બોલ્યા વગર તે ઊઠીને પાણીનો પ્યાલો લઈ આવ્યો. આવતાં આવતાં દીપાલીના ફોટા સામે જોવાઈ ગયું. સવા-દોઢ વરસની હતી એ તે વેળા. ફોટોગ્રાફરની પાછળ ઊભા રહીને પોતે જે લાલ રંગનો બૉલ ઊંચો કરેલો તે લેવા માટે અત્યંત આતુરતાથી બે હાથ લંબાવ્યા હતા દીપાલીએ. આજે પણ તે એવી જ રીતે બે હાથ લંબાવી રહી છે, પણ વચ્ચે દીવાલ છે. કાચની, મૃત્યુની.

એ દીવાલ વીંધીને કશું જ પેલે પાર નથી પહોંચતું – ન માળીએ આણેલાં ફૂલોની સુવાસ, ન રન્નાની આંખમાંથી ઝરતાં આંસુ. તોયે રન્ના રડે છે.

વિમલને થયું, પાણીનો પ્યાલો બસ નથી. પહેલાંની જેમ તેને માથા પર હાથ ફેરવીને, હૃદય સાથે જડી દઈને શાંત પાડવી જોઈએ, તેની પાંપણો લૂછી લેવી જોઈએ... પણ હવે ન બને. રન્નાનો નિર્ધાર સ્થૂલકાય અજગરની જેમ મારગ રોકીને આડો પડ્યો છે. એને નહીં ઓળંગી શકાય.

"રન્ના!"

"હં."

"પાણી પી લે. તું જાણે તો છે–"

"હા. હવે નહીં રડું."

રન્નાએ હળવે હળવે આંખો લુછી. પ્યાલો ઊંચકીને પાણી પણ પી લીધું. પણ વળી પાછી આંખો ભરાઈ આવી. રડતી વખતે પણ તેના ચહેરાની રેખાઓ

બહુ બદલાતી નથી, માત્ર આંખોનાં રતન ઝગમગી ઊઠે છે. ખૂબ સુંદર છે રન્ના. આવતી કાલથી એ પણ આ ઘરમાં માત્ર એક ફોટોગ્રાફ બની જવાની. દીપાલીની સાથે – ના, ના, એનો ફોટો ત્યાં નહીં રાખી શકાય. કદાચ બેડરૂમમાં. હા, ત્યાં જ.

"રન્ના!"

"બોલો!"

"બોલવાનું તો શું હવે? જો ને, છેલ્લા પંદર દિવસથી બોલ્યા જ કર્યું છે ને આપણે બેએ... ઘરમાંથી એના પડછંદા જાણે જતા નથી."

"તો ચાલો, જમી લઈશું!"

"ચાલ."

તદ્દન રોજની જેમ ટેબલ ગોઠવેલું હતું. મહેરબાની ભગવાનની કે રન્નાએ જતાં જતાં છેલ્લો ઉપકાર કરવા કોઈ ખાસ વાનગી બનાવી નહોતી. એની એ સાદી રસોઈ, એની એ મહારાષ્ટ્રની સ્ત્રીઓ જેવી પીરસવાની કુશળતા, કોઈ જાતનો આગ્રહ નહીં, છતાં ખ્યાલ પૂરેપૂરો. આવી રીતે હવે કોઈ સ્ત્રી જમાડી નહીં શકે વિમલને.

"ટ્રેન કેટલા વાગ્યાની છે?"

ખબર હતી તોયે પૂછ્યું. પૂરેપૂરુ જાણે છે કે રન્ના સ્ટેશન પર મૂકવા આવવા નહીં દે તોયે એ પણ પૂછવું જ પડશે. ભલે એ ના કહે.

"દસમાં પાંચે ઊપડે છે. તમે નકામા ધક્કો ન ખાતા."

"આટલી મોડી તું એકલી ટેક્સીમાં ન જતી રન્ના! હું મૂકી જઈશ. એમાં શો વાંધો છે?"

"વાંધો તો કશો નથી. પણ હવે જવાનું જ છે તો એકલી જ જાઉં."

બોલી, જવાનું જ છે! શા માટે જવાનું જ છે? વિમલનું મન વિદ્રોહની શતશત જ્વાળે પ્રજ્વાળી ઊઠ્યું. થયું કે ચીસો પાડીને, તેના બન્ને ખભા ઝાલીને હચમચાવી મૂકે; પૂછે : રન્ના! શા માટે જવાનું જ છે? નથી જવું ક્યાંય. તું અહીં જ રહે. આ તારું ઘર છે. સાંભળે છે? સમજે છે?

પણ ઘાસના પૂળાનો હોય એમ ભડકો તરત ઓલવાઈ ગયો. ચૂનો પીસતા બળદની જેમ આ ચર્ચા સેંકડો વાર કરી છે. કશો અર્થ નથી રહ્યો. હવે એનો નિર્ણય અફર છે. એ જશે જ. ભલે તો, એને ગમે તો એકલી જતી.

સિગારેટ અને 'રીડર્સ ડાઇજેસ્ટ' લઈને રોજની ખુરસીમાં વિમલ બેસી ગયો. એક પછી એક બધા લેખ કંટાળાજનક લાગ્યા. કોઈનો એક ફકરો વાંચ્યો તો કોઈના બે. સિગારેટ પોણા ભાગની તો એમ જ બળીને ખલાસ થઈ ગઈ. પિવાઈ નહીં. કાલથી આ ઘરની બધી નવી જ વ્યવસ્થા કરવી પડશે. ના ભાઈ, નહીં ફાવે. એના કરતાં પોતે પણ થોડા દિવસ બહારગામ કેમ ન જતા રહેવું? લોકો કદાચ એમ માની લે કે બન્ને સાથે ગયાં છે. પણ ખોટો સિક્કો હાથમાં આવતાં પહેલાં ખબર પડી જાય છે તેમ એ વિચાર ઊગતાં પહેલાં જ બોદો બોલ્યો.

લોકો જાણવાના જ વળી. કેટલાય વખતથી જાણતા હશે. સારું હતું કોઈ મોઢામોઢ પૂછતું નહોતું. બાકી આ શહેર જ બદલી નાખવું પડત. આમેય આ શહેરમાં એવું હતું પણ શું કે માણસે જિંદગીના છેક છેલ્લા દિવસ લગી અહીં રહેવું જોઈએ?

વિમલ આખા દિવસનો થાકેલો હતો. રોજની માફક ઝોલે ચડી ગયો. લમણા આગળથી વાળ સફેદ થવા માંડ્યા હતા. ઊંઘને લીધે આખો ચહેરો કુમળો, કોઈ જાતના રક્ષણ વિનાનો દેખાતો હતો. દૂધનો ગ્લાસ લઈને આવેલી રન્નાએ થોડી વાર એની સામે જોયા કર્યું. એને જગાડ્યા વગર પણ ઘરમાંથી જઈ તો શકાય. પણ પછી વિમલને માઠું લાગે. બહુ જ નારાજ થઈ જાય એ. અને એને શક્ય એટલું ઓછામાં ઓછું દુઃખ આપવા માગતી હતી રન્ના.

"વિમલ! ટાઇમ થવા આવ્યો છે."

"હં? ઓ – હા, તું જવાની છે. નહીં?"

રન્નાએ દૂધનો ગ્લાસ ધર્યો. વિમલે તે લઈને ટિપાઈ પર મૂકી દીધો અને બન્ને હાથથી એનો હાથ ઝાલી લીધો. રન્ના ચોંકીને પાછળ હઠી ગઈ. વિમલની છાતીમાં જાણે છરો ભોંકાયો.

"ડર નહીં રન્ના! હું તો – હું ફક્ત એટલું જ કહેવા માગું છું કે સાચવજે. અને હું મૂકવા નથી આવતો."

"આવો ને!"

"તને ગમશે?"

"મોડું બહુ થયું છે, આવો તો સારું."

રન્ના જો એક વિચાર બદલી શકે છે તો કદાચ બીજો પણ – ના, એ વિચાર એ નહીં બદલે. જશે જ. મૂકવા જવાની એને ના કહી શકાય પણ વિમલને એવું

ન ગમે. કાલથી હવે ક્યાં એને માટે કંઈ પણ કરવાનું છે? દૂધ ગટગટાવીને વિમલ કપડાં બદલવા ચાલ્યો ગયો. મોટરની ચાવી હંમેશાં ગમે ત્યાં મૂકી દેવાની એને ટેવ હતી. રન્નાએ રોજની માફક એ શોધવા માંડી. કબાટ પરની આભલાં જડેલી ઍશટ્રેમાંથી એ મળી કે તરત રન્ના બૂમ મારવા જતી હતી, "જુઓ, તમે ક્યાં મૂકી દીધી હતી?" પણ તે અટકી ગઈ. હવે આ છેલ્લી ઘડીએ જેટલું ઓછું બોલાય તેટલું સારું.

વગર કારણે મોટી મોટી સિસોટી મારતો વિમલ આવ્યો. કહેવા લાગ્યો, "વી.ટી. સુધી પહોંચવું કંઈ ખાવાની વાત નથી, કલાક નીકળી જશે. ચાલ, ઊપડીએ. અરે હા – મોટરની ચાવી તેં જોઈ?"

"આ રહી, લો!"

આંગળાં અડે નહીં એની વધુ પડતી સાવચેતી રાખીને વિમલે ચાવી લીધી. રન્નાને થયું કે વેલની પેઠે તેને વળગી પડે. ધ્રુસકે ધ્રુસકે રડીને એક વાર સમજાવે કે વિમલ, તું બહુ જ સારો માણસ છે. તારી સાથેની મારી જિંદગી બહુ સુખમાં ગઈ છે, પણ–

પણ શું? પછી શું? ના, એ વાત કોઈને સમજાવાય એવી નહોતી. ન વિમલને ન પોતાની જાતને.

ઘરના રાચરચીલા સામેય તે નીરખી શકાય એવું નહોતું. ગમે ત્યારે આંખમાં પાણી આવી જાય. રન્ના ઝટપટ બહાર નીકળી ગઈ. વિમલ ગાડી સ્ટાર્ટ કરતો હતો. એક હાથ લંબાવીને તેણે પાછળનો દરવાજો ખોલ્યો. કંઈક રોષથી તે પાછો બંધ કરી દઈને રન્ના આગળના દરવાજા આગળ આવી.

"જેવી તારી મરજી." કહી વિમલે આગળનું બારણું ખોલ્યું અને રન્ના એની જોડે બેસી ગઈ.

મૃત્યુશય્યા પર પડેલા માણસને ઑક્સિજન આપવા જેવું હતું એ. સગાંવહાલાંના દિલમાં પળભર આશાનો દીવો ટમટમી ઊઠે. બસ, બીજો કંઈ અર્થ નહીં.

રન્નાનું ઊઠવા-બેસવાનું બધું બહુ નાજુકાઈ ભર્યું છે. પાસે બેઠી છે પણ જાણે કોઈ છે જ નહીં, એટલી બધી શાંત, સ્થિર, થોડી આછી સુવાસનું વાદળ એની આસપાસ વીંટાયેલું ન હોત, તો વિમલ કદાચ એમ પણ માની શકત કે પોતે એકલો છે અને તો પછી ગાડી ખૂબ ઝડપથી ભગાવત – સાઠ, સિત્તેર...એંશી!

"અરે હા, એ તો તમને કહેવાનું જ રહી ગયું! કાલથી સુભદ્રાબેન આવીને

બન્ને ટાઇમની રસોઈ સવારે કરી જશે, – એટલે કે... તમે બીજું કંઈક ગોઠવો ત્યાં લગી... આઈ મીન..."

"થૅન્કસ!" રન્નાને આમ શબ્દો માટે ફાંફાં મારતી જોઈ ન શકાય. સહેજ કુતૂહલથી વિમલે તેની સામે જોયું. તે તેવી જ સ્થિર, નિર્વિકાર ભાવે બેઠી હતી. માત્ર પેલો નાનકડો સુગંધી રૂમાલ આંગળીઓમાં અમળાતો હતો. વીસ વર્ષના લગ્નજીવનની એ નાનકડી સલામી હતી. વિમલે એકસેલરેટર જોરથી દબાવ્યું.

"અરે!"

વિમલે જવાબ ન આપ્યો. ટ્રાફિક ખાસ હતો નહીં. ગાડીમાં કોઈ આસુરી તત્ત્વનો પ્રવેશ થયો હોય તેમ અત્યંત વેગથી ભાગતી રહી. આવે સમયે જે અકસ્માતો થાય છે તે મોટે ભાગે જીવલેણ હોય છે. કમનસીબી હોય તો વળી જિંદગીભરની ખોડ રહી જાય. વીમાની પૉલિસી બરાબર અપ-ટુ-ડેટ રાખવી સારી... માનો કે સામેથી ઊછળતો કૂદતો આવતો પેલો બત્તીનો થાંભલો ખરેખર ભેટી પડે તો આ આખા મામલાનો ઝડપી અને સરસ અંત ન આવી જાય? છાપામાં સમાચાર આવે–

"વિમલ!"

"શું છે?"

"કંઈ નહીં."

"કહે ને!"

"પ્લીઝ, જરા સ્લો જાઓ ને, મને બીક લાગે છે."

કમાલ બાઈ છે. ઘર છોડીને જતાં બીક નથી લાગતી. મોટરની સ્પીડ જરાક વધી તો બી ગઈ. પણ એને પહેલેથી જ એવી ટેવ છે. અત્યારે એના હાથ ઠંડા થઈ ગયા હશે. અડક્યા વગર વિમલ કહી શકે. તોયે, નશો ઊતરી ગયો. મોટર એની મેળે ધીરી પડી ગઈ. આમેય વી.ટી. પાસે આવી ગયું હતું.

"અંદર આવું?"

"ના, ના!"

"બસ, આ હૅન્ડબૅગ એકલી? બીજો કંઈ સામાન નથી?"

રન્ના કંઈ બોલી નહીં. આંચકા સાથે ગાડી ઊભી રહી ગઈ. નેવી બ્લૂ રંગની વી.આઈ.પી. બૅગ હાથમાં લઈને રન્ના ઊતરી. વિમલને કહેવાનું મન થઈ ગયું, રન્ના, યૂ આર એ વેરી ઇમ્પૉર્ટન્ટ પર્સન... પણ બોલ્યો નહીં.

રન્નાએ ઊતરીને કહ્યું, "અચ્છા!?"

"ઓ.કે."

ગાડી પાછી સ્ટાર્ટ થઈ. હવે કોઈ રોકનાર નથી. જેમ ભગાવવી હોય તેમ ભગાવાશે. ટ્રાફિક લાઇટ પાસે સિગારેટ સળગાવતાં વિમલને થયું, તદ્દન ખોટો શબ્દ વાપર્યો હતો પોતે. જ્યારે બધું જે ખોટું હતું, ઊલટાસૂલટી હતું, ન થવું જોઈએ એવું હતું ત્યારે પોતે કહ્યું - ઓ.કે!

બહુ ઉપયોગી હોવા છતાં આ શબ્દમાં અંતિમપણાની એક બેચેની ઉપજાવે એવી છાપ હતી. ભલે આરસપહાણની, તોયે કબર!

દીપુના જન્મ પહેલાં બન્ને જણાં દિલ્હી-આગ્રા ફરવા ગયાં હતાં. તાજમહાલ જોઈને રન્ના બોલી હતી : "શાહજહાંએ મુમતાઝને એટલો બધો પ્રેમ નહીં કર્યો હોય, નહીંતર એના મરી ગયા પછી પાંત્રીસ વરસ લગી જીવતો કેવી રીતે રહ્યો?" એને ચીડવવા પોતે કહ્યું હતું, "તો શું આપઘાત કરીને મરી જાય?"

"આપઘાત કરવાની જરૂર શા માટે પડે?" રન્નાએ ખૂબ ગંભીરપણે તાજના ઘુમ્મટ ભણી નજર માંડીને કહ્યું હતું. પોતે મશ્કરીના મૂડમાં હતો. બહુ નાટકી અદાથી બોલ્યો હતો, "અચ્છા તો તારું કહેવું એમ છે–

*કોઈ કટારી કર મરે*
*કોઈ મરે બિસ ખાય*
*પ્રીતિ ઐસી કીજિયે,*
*હાય કહે જીય જાય!*

- એમ ને?"

રન્નાને બહુ ખોટું લાગી ગયું હતું. મનાવતાં મનાવતાં દમ નીકળી ગયો. છતાં આજે એ રન્ના ચાલી ગઈ છે... શાહજહાં તો બિચારો બેગમ મરી ગયા પછી જીવ્યો, એ અપરાધ એટલો મોટો ન કહેવાય. કદાચ એનો પ્રેમ જીવતો હશે, અને એને જિવાડતો હશે જ્યારે પોતે બન્ને તો – છટ્! પ્રેમબેમ બધું હંબગ છે! આમાં કોઈ મોટી વાત નથી. આટલાં વરસ લગી બન્ને જણને ફાવતું હતું, સાથે રહ્યાં, હવે નથી બનતું તે છૂટાં પડી ગયાં છે. બસ, સીધીસાદી વાત છે. થૅન્ક ગૉડ, દીપાલી ઇઝ ડેડ! નહીં તો વળી બીજાં કેટલાંય લફરાં ઊભાં થાત. વિમલે સીટી વગાડીને છેલ્લે જોયેલા સિનેમાના ગીતની તરજ પકડવાનો જોરદાર પ્રયત્ન કરવા માંડ્યો.

ઘરમાં પેસતાં વળી પાછી પેલી ડાઘુ જેવી લાગણી થવા માંડી. માથાબોળ નાહ્યા વગર બધે અડવામાં જાણે કંઈક ખોટું થઈ રહ્યું છે. શોકેસ પરની ફોટોફ્રેમમાંથી દીપાલી વ્યર્થ હાથ લંબાવી રહી છે. એની એ અરજના જવાબમાં હંમેશ આંસુ સારનાર હવે આ ઘરમાં કોઈ નથી. વિમલે એક મૅગેઝીન એના ફોટોગ્રાફને અઢેલીને મૂકી દીધું. હવે દૂધ પીને સૂઈ જવાનું. ઊંઘવાની ગોળી લઈ લેવાની. આજે કદાચ બે લેવી પડશે...

કશો વાંધો નહીં, તદ્દન હાર્મલેસ છે આ ગોળી. માનો કે બેને બદલે ચાર લેવાઈ ગઈ તોપણ કાલે સવારે કોઈને ફ્લૅટનાં બારણાં તોડવાં નહીં પડે. વધારે પડતું ઊંઘાઈ જાય તો ઑફિસમાં જતાં મોડું થાય, બસ, એટલું જ. તેનો કશો વાંધો નહીં. કશાનો કશો વાંધો નથી હવે. વી.ટી.થી ટ્રેન ઊપડી ગઈ હશે.

કાળાં પૈડાંના અવાજમાં કશું કાવ્ય નથી. નીરસ, નિર્મમ, એકધારાપણું... જ્યારે તેમાં ભરતી આવે છે ત્યારે બંધનમાંથી છૂટેલા પાગલ ઘોડાઓની જેમ ધસમસતો અવાજ આવે છે. જાણે તે સૃષ્ટિના અંત લગી અટકશે નહીં... જ્યારે ઓટ આવે છે ત્યારે લોખંડી ચીસો સંભળાય છે, અત્યાચાર સામે શિર ઝુકાવી દેવાની લાચારી અને નિઃશ્વાસ... અંતે બધું બંધ થઈ જાય છે. ફરી પાછું શરૂ, ફરી પાછું બંધ...

વિમલને ઊંઘ આવી ગઈ. કદાચ એ બે ગોળીનો પ્રતાપ હતો.

■

પણ રન્નાએ કોઈ જાતની ગોળી લીધી નહોતી. ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં બારી આગળ માથું ટેકવીને તે બેસી રહી છે. ખુલ્લી આંખોમાં ઊંઘ નથી, ઊંઘનો ઇશારો પણ નથી. કદાચ આટલો જ સામાન લઈને નીકળવામાં ભૂલ થઈ છે. પણ જવાનું નક્કી કર્યા પછી કબાટને અડકતાં પણ સંકોચ થતો હતો. ભલે એ બધાં કપડાં અને વસ્તુઓ એમ ને એમ પડ્યાં રહે.

ભલે વિમલ કોઈને એ આપી દે. બે જોડ કપડાં કરતાં વધારે કંઈ પણ લેવામાં અનહદ શરમ આવતી હતી. વિમલને કદાચ જરાયે વાંધો નહીં હોય પણ રન્નાને વાંધો હતો. જે રજની આસપાસ મુક્તાફળનાં પડ બંધાયે જતાં હતાં તે રજ ખોવાઈ ગયા પછી ક્યાંય કશું રહેતું નહોતું. કોઈ અધિકાર નહોતો, કોઈ અપેક્ષા નહોતી. બસ, કશું જ બાકી નહોતું. હતી તે કેવળ એક સંબંધ ગુમાવ્યાની વ્યથા, વિફળતા.

બારીમાંથી ઝીણી કોલસીનો એક ઝપાટો અંદર આવ્યો. કાચની બારી બંધ

કરવી પડશે. બહારની સૃષ્ટિ સાથે એક વ્યવહાર હતો તે પણ કપાઈ જવાનો. જે માત્ર એક જ ઇન્દ્રિયથી અનુભવાય છે તેનું સત્ય જાણે કે, થોડું સીમિત થઈ જાય છે. અજાણપણે નિસાસો નાખીને રન્નાએ બારી બંધ કરી અને રૂમાલથી મોં લૂછ્યું

સ્ત્રીઓનો ડબો હતો. સામે એક જ બીબામાંથી ઢાળ્યાં હોય એવાં માદીકરી બેઠાં હતાં. ખૂબ ગોરાં, મુલાયમ, લાડકોડથી પુષ્ટ થયેલાં શરીર, કીમતી સાડીઓ ડબ્બાની ફરસ પર રગદોળાય છે તેની કશી પરવા નથી – બેમાંથી એકેને. વાતોમાં મશગૂલ છે. કદાચ દીકરી સાસરેથી આવી હશે.

દીપાલી આજે સત્તર વરસની હોત... મનનું પંખી અસંભવિતતાના ભૂરા વ્યોમમાં ચક્કર મારી આવ્યું અને વળી પાછું નિરાશ થઈને એની એ ડાળે આવી બેઠું. ઘર છોડી દીધું છે કાયમ માટે. હવે સ્મૃતિનાં પોટલાં માથે ઊંચકી રાખવાનો કોઈ અર્થ નથી. કદાચ એમાં કોઈ એવી કીમતી વસ્તુ છે પણ નહીં. હોત તો પોતે આજે નીકળી શકી ન હોત.

કાલથી એક બીજું જીવન શરૂ થવાનું છે. ઓચિંતુ રન્નાને લાગવા માંડ્યું કે પોતે કોઈક ગુનો કરી નાખ્યો છે. ક્યૂ તોડીને વહેલી ટિકિટ લઈ લેવા જેવો કોઈ નાનકડો સામાજિક અપરાધ. સંસારના લગભગ દરેકેદરેક માણસને જ્યારે જીવનની એક જ તક મળે છે ત્યારે પોતે કેવી રીતે મૃત્યુ આવતાં પહેલાં બધું હાથે કરીને સમેટી દઈ એક બીજા જીવનને ઉંબરે જઈ શકી? સહેજ શરમિંદાપણાની ભાવના સાથે તે ઊઠી અને ઉપરની બર્થ પર આડા પડવાની તૈયારી કરવા લાગી.

વિમલ ખૂબ સારો માણસ હતો. બીજા કોઈની પાસેથી તે આટલી સરળતાથી છૂટી પડી શકી ન હોત. પ્રેમના મડદાને લોકો કદાચ વધારે ઝનૂનપૂર્વક વળગી રહેતા હોય છે. પોતે ભૂલ નહોતી કરી એ પુરવાર કરવા ખાતર. કે પછી એ બધા વફાદાર હશે – સાચા અને વફાદાર માણસો. લાગણીવાળા માણસો!

રડવું આવે છે એની પૂરી ખબર પડે તે પહેલાં આંખમાંથી આંસુ ઝરવા લાગ્યાં. દીપાલીને માટે નહીં, વિમલને માટે પણ નહીં, પોતાને માટે. પોતે શા માટે આટલી બધી જુદી હતી? જડ, લાગણીહીન! ઘર છોડીને ચાલી આવી ત્યારે આંખોમાં પાણીનું એકે ટીપું આવ્યું નહીં...

પણ ડૂમો જરાક શમ્યો ન શમ્યો ને વળી વિચાર આવ્યો. વાત તો સાચી જ હતી તો! વિમલ હવે જરાકે વહાલો લાગતો નથી. એક વખત ખૂબ પ્રેમ હતો. હવે નથી. બધું પતી ગયું છે અને પતી ગયા પછી પણ વિમલના ઘરમાં રહેવું,

એણે કમાઈને આણેલા પૈસા વાપરવા, લોકોમાં મિસિસ વિમલ મહેતા તરીકે ઓળખાવું એ બધું તો ખોટું જ હતું.

એ ખોટા જીવનની પ્રતારણા લોહીમાં જ વ્યાપેલા કોઈ રોગની પેઠે બધો રસકસ ચૂસી રહી હતી. રન્ના દિવસે દિવસે એક ખાલી ખોખા જેવી બનતી જતી, એક સવારે છેક જ તૂટી પડીને ભોંયભેગી થઈ જાત, ધૂળમાં મળી જાત! તેના કરતાં સારું થયું, નીકળી ગઈ તે. દરેક જણે શું જિંદગીના પહેલા દિવસે જ જન્મવું જોઈએ?

લાઇટ બંધ કરીને રન્ના નિશ્ચયપૂર્વક સૂઈ ગઈ.

સ્ટેશને પાયલ લેવા આવી હતી.

સામાન જોઈને આશ્ચર્યચકિત થઈ ગઈ. બે હાથ પહોળા કરીને બોલી ઊઠી, "આ શું, રન્નામાસી? બસ, આટલી એક નાનકડી બૅગ જ લઇને આવ્યાં છો? મા તો કહેતી હતી કે..."

પછી એ શરમાઈ ગઈ. અગાઉથી રોકી રાખેલા મજૂરને વગર કારણે ધમકાવીને એણે સ્વસ્થતા પાછી મેળવી. ત્યાર લગીમાં રન્નાએ એને બરાબર નીરખી લીધી. ખૂબ મોટી થઈ ગઈ હતી. એ ખભાથી અડધી વેંત નીચા એકદમ સીધા વાળ કશા સહારા વગર જ એક જથ્થામાં લટકતા હતા. એકે લટ આમતેમ થતી નહોતી. એ મોટા આશ્ચર્યમાંથી માણસ બહાર નીકળે ત્યારે એની ઘઉંવર્ણી ચામડી, એની અસાધારણ કુમાશ, જરા નાનકડું પણ ઘાટદાર નાક અને ઝીણી ચમકતી કાળી આંખોના પ્રભાવ હેઠળ આવે ને!

પાયલ ઊંચી હતી, તોયે એણે ખૂબ ઊંચી એડીનાં સૅન્ડલ્સ પહેર્યાં હતાં. કદાચ એની મૅક્સી નીચે ઢસડાય નહીં એટલા માટે હશે. પણ તોયે એ ઢસડાતી તો હતી જ. ચાલતાં ચાલતાં પ્લૅટફૉર્મ પર કોઈએ કાઢેલા ગળફાને એ પીળાં ફૂલવાળી સફેદ મૅકસીએ સાથે લઈ લીધો ત્યારે રન્ના કમકમી ઊઠી.

"પાયલ, જરા કપડાં ઊંચાં લઈને ચાલતી હો તો!"

"શું તમે પણ રન્નામાસી! તદ્દન માની જેમ જ. અરે, મૅક્સી કંઈ એમ ઊંચકી ઊંચકીને ચલાતું હશે?" પાયલ ખડખડાટ હસી પડી અને પછી ક્યાંય લગી થોડું થોડું હસતી જ રહી.

એના દાંત બહુ સુંદર હતા. એકદમ સફેદ, એકસરખા અને નાનકડા. હસે તો જાણે જોયા જ કરીએ. કોઈ ટૂથપેસ્ટવાળાની નજરે ચડી જાય એટલી વાર...

"માસી!"

"શું કહ્યું?"

"શું વિચાર કર્યા કરો છો? હમણાં થોડી વારમાં ઘર આવી જશે."

ઘર... માણમાત્રને સંમોહિત કરી દેનાર એ શબ્દની માયાજાળમાંથી રન્ના કાલે રાતે ભાગી છૂટી હતી. વળી પાછું એક ઘર?

"ઉમા હશે ને ઘરે?" પાયલને કંઈક કહેવા ખાતર પ્રશ્ન પૂછ્યો, પણ પાયલને આજે બધું બહુ જ હસવા જેવું લાગતું હતું.

"અત્યારના પહોરમાં મા ક્યાં જવાની હતી?" કહેતાં કહેતાં તે હસી પડી. બીજું કંઈ થઈ શકે એમ નહોતું એટલે રન્નાએ પણ હસવા માંડ્યું.

વાતાવરણ બહુ ખુશનુમા હતું. સવારનો સમય આમેય કોઈ પણ સ્થળે સારો જ લાગતો હોય છે. તેમાં આ તો પૂના અને ડેક્કન જિમખાનાનો વિસ્તાર. હવામાં એક તાજગી હતી. મોટાં ઊંચાં ઝાડ, ખુલ્લા બાગ-બગીચા અને અનેક જાતનાં પક્ષીઓનો મિશ્ર કલરવ. રન્નાને લાગ્યું કે તે કોઈ હવા ખાવાના સ્થાને આવી પહોંચી છે. માણસો અહીં બારે મહિના રહેતા હોય ને પોતાનું કામકાજ કરતા હોય એવું મનાતું નહોતું જાણે. હવે એણે નિરાંતથી પાયલને ફરી વાર જોઈ.

પાતળી, તરવરાટભરી જુવાન છોકરી. જીવનનો ઉમંગ તેને રૂંવે રૂંવે પ્રગટી ઊઠ્યો છે... પ્રત્યેક હલનચલનમાં, બોલમાં એક જ સૂર સંભળાય છે જે પોતે કદાચ વર્ષો પહેલાં સાંભળ્યો હતો. ન પણ સાંભળ્યો હોય. દરેક વ્યક્તિના નસીબમાં અદમ્ય ઉત્સાહનો સૂર સાંભળવાનું નથી લખ્યું હોતું.

"રન્નામાસી!"

"હું."

"તમે મારી મા જેવડાં જ છો?"

"હાસ્તો ને!"

"ઓ – પણ તમે તો બહુ નાનાં લાગો છો. મા તો જાણે અત્યારથી જ બુઢ્ઢી થઈ ગઈ. જોજો તો ખરાં!" વળી પાછું પાયલને હસવું આવ્યું. સમવયસ્ક સાહેલી કરતાં આટલું બધું મોટું દેખાવું એ જાણે માને પક્ષે કોઈ મોટી મજાક ન હોય!

ઉમાને ઘણા વખતથી જોઈ નથી. કદાચ મોટી દેખાતી પણ હોય... પાયલના જન્મ પછી બેત્રણ વર્ષે જ વિભાકર ગુજરી ગયો હતો. એક પુરુષનું હોવું સ્ત્રીના જીવનમાં કેટલો મોટો બનાવ છે, એના આઘાત-પ્રત્યાઘાત ક્યાંના ક્યાં જઈ પહોંચે છે તે પાયલ કેવી રીતે સમજે?

અને સારું જ છે ન સમજે તે. નહીંતર કદાચ ખળખળ વહેતા પહાડી ઝરણ જેવું પેલું હાસ્ય લુપ્ત થઈ જાય... પાયલ ડાહી થઈ જાય. મોટી થઈ જાય. "પાયલ, કેટલા વરસ થયાં તને?"

"વીસ. મોટી લાગું છું ને? મા સાડી પહેરાવવા બહુ કચકચ કરે છે,

રન્નામાસી! તમે સાચું કહો, બૉમ્બેમાં બધી છોકરીઓ બેલબૉટમ ને મૅક્સી ને એવું જ બધું નથી પહેરતી વળી?"

"તને સાડી નથી ગમતી?"

"ગમે, પણ કોઈ વાર. રોજ રોજ નહીં – અરે, અરે, આ બાજુ નહીં, પેલી બાજુ!" પાયલે એકદમ જોરદાર મરાઠીમાં રિક્ષાવાળાની અક્કલ વિશેનો પોતાનો મત પ્રદર્શિત કર્યો.

રિક્ષાવાળો થોડી વાર મૂંગો રહ્યો. પછી પહેલેથી યોગ્ય સૂચનાઓ નહીં આપતા પ્રવાસીઓ વિશે, રિક્ષાનાં ભાડાં વિશે, પેટ્રોલના ભાવ વિશે, ટાયરો મેળવવાની તકલીફ વિશે અને જિંદગી દિવસે દિવસે કેટલી મુશ્કેલ થઈ રહી છે તે વિશેના પોતાના વિચારો કોઈ સાંભળે છે કે નહીં તેની પરવા કર્યા વગર જાહેર કરવા લાગ્યો.

"એને કદાચ ટિપ જોઈતી હશે."

"બિલકુલ નહીં, એને એક્કે પૈસો વધારે આપ્યો છે તો હું તમારી જોડે લડીશ, રન્નામાસી!" પાયલે જોરથી માથું હલાવ્યું.

"પાયલ, તારા વાળ આવા એકસરખા સીધા કેમ રહે છે? બકલ કે કશું નાખ્યું તો નથી!"

"શું..." પાયલ એકાએક અટકી ગઈ. એને લાગ્યું કે પ્રત્યેક વેળાએ, "શું તમે રન્નામાસી!' કહ્યા કરવું તે ઠીક ન કહેવાય. પછી પોતાના અટકવા પર હસી પડીને એણે ડાબા હાથથી સ્પ્રેયર છાંટવાનો અભિનય કરી બતાવ્યો. "હેર સ્પ્રે બૉમ્બેમાં તો છોકરીઓ ખૂબ વાપરે છે. તમને ખબર નથી?"

દરેક વ્યક્તિનું મુંબઈ નિરનિરાળું હોય છે. પાયલ જેવડી છોકરીઓનું મુંબઈ રન્નાના મુંબઈ કરતાં સેંકડો માઇલ દૂર છે. દીપુ જીવતી હોત તો જુદી વાત હતી, બન્ને શહેર વચ્ચે એક પુલ બંધાઈ ગયો હોત...

"માસી!"

"હું."

"ઊતરો, ઘર આવી ગયું."

પાયલને અટકાવીને રન્નાએ રિક્ષાવાળાને પૈસા ચૂકવ્યા. ટિપ આપવાની હિંમત ચાલી નહીં. કદાચ પાયલ ચિડાઈ જાય...

ઉમાએ રિક્ષાનો અવાજ સાંભળ્યો હશે. ડૉરબેલ મારવાની જરૂર પડી નહીં.

"આવ, રન્ના! પાયલે બરાબર શોધી કાઢી હતી ને તને? મેં તારો ફોટો તો બતાવ્યો હતો. અરે વાહ! તું તો અસ્સલ એવી ને એવી જ દેખાય છે ને શું?"

ઉમા તો એવી ને એવી નહોતી દેખાતી. ખૂબ પાતળી. મુઠ્ઠીભર હાડકાં પર જેમ તેમ ચામડી ને કપડાં લપેટી દીધાં છે. માથે સફેદ વાળ વધારે છે, કાળા ખૂબ ઓછા. મોટી મોટી આંખોમાં ચેતન અને ચપળતા તો છે પણ આકાશમાં ઘેરાઈ આવતાં વાદળની પેઠે વચ્ચે વચ્ચે એક ગમગીની છવાઈ જાય છે. કદાચ એ આખા ચહેરા પર વ્યાપી જાય છે – નહીં કે ફક્ત આંખો પર.

"લે, ઊભી ઊભી મને જોયા કરીશ કે કંઈ હાથમોં ધોઈને ચા-બા પીશ?" ઉમા બોલી.

પાયલની રાહબરી હેઠળ બધું કામ પતી ગયું. મનમાં જાણે એમ થાય છે કે આ છોકરી પાસે ને પાસે રહે તો સારું. ઉમા સાથે કશી વાત ન કરવી પડે... જો કે ક્યારેક તો કરવી જ પડશે.

"તારે પહોંચ્યાનો ફોન કરવો છે ને રન્ના! અમારા પાડોશી બહુ સારા છે. તને પાયલ લઈ જશે. એમને ત્યાંથી ફોન કરવામાં કશો વાંધો નથી."

"ના, ફોન નથી કરવો."

"વિમલભાઈ ચિંતા નહીં કરે?"

રન્નાએ સ્મિત કર્યું અને ગરમ કૉફીનો ઘૂંટડો ભર્યો. ચિંતા તો થતી હશે... ફક્ત પહોંચ્યાની નહીં, બીજી કેટલીયે! કદાચ ન થતી હોય એવું પણ બને. કેટલીક વાર જેને ચિંતા કહીએ છીએ તે માત્ર આપણી પોતાની અસ્વસ્થતા હોય છે. સામા માણસ માટેની લાગણીનો કોઈ સીધો સંબંધ હોતો નથી એ ચિંતાને.

"કોઈને ત્યાંથી ફોન નથી કરવો. પછી કાગળ લખી દઈશ."

"અચ્છા, એમ કર. લે, એકબે બિસ્કિટ તો લે! તેં તો કંઈ ખાધું જ નહીં. બપોરે જમવાનું મોડું થાય છે અમારે ત્યાં. પછી ભૂખી થઈશ તો?"

"મા! તુયે ખરી છે! રન્નામાસી આવ્યાં છે તો બે દિવસ વહેલી રસોઈ ન થાય?" પાયલે કહી નાખ્યું. પછી તે છોભીલી પડી ગઈ. રન્ના બે દિવસ નહીં પણ ઘણા દિવસ અહીં રહેવાની છે તે ઉમાએ એને કહ્યું હતું.

"અરે, પણ મને વહેલા જમવાની ટેવ જ નથી. પાયલ, તું ચિંતા ન કર!" રન્ના બોલી.

બહુ સરસ હતી રન્નામાસી, કેટલી સુંદર દેખાતી હતી, અને બોલતી હતી

પણ કેવું ધીમું ધીમું અને મીઠું!

મા રન્નામાસી જેવી હોત તો! પછી પોતાના વિચારમાં રહેલી બિનવફાદારીથી શરમાઈ જઈને પાયલ ઊઠી ગઈ અને ઉમાને ખુરસી પાછળથી જરાક વળગીને પૂછવા લાગી :

"કેટલી દાળ ઓરવી છે, મા? જલદી કહે. પછી મારે પિકચર જોવા જવાનું થશે, જતાં પહેલાં તારી રોટલી-ફોટલી બધું પતાવી દઈશ."

"અરે વાહ! રાંધતાં આવડે છે?"

"વીસ વરસની તો થઈ. હજી ન આવડે?" ઉમા કંઈક ગર્વથી તો કંઈક ઠપકાભરી નજરથી પાયલ સામે જોઈને બોલી. બન્ને જણ હસ્યાં. એ એક ખાનગી સંકેતલિપિવાળું હાસ્ય હતું. બહારનાંને એમાં પ્રવેશ નહોતો. રન્નાને ટ્રેનમાં જોયેલાં મા-દીકરી યાદ આવ્યાં. કૉફીના પ્યાલામાં સમગ્ર ચિત્ત પરોવી દઈને તે શાંત બેઠી. પાયલને અને ઉમાને એવું ન લાગવું જોઈએ કે એમના એકાંતમાં ખલેલ પડે છે.

થોડા દિવસ... બહુ જ થોડા દિવસ શાંતિથી રહી શકાય. વિચારી શકાય કે આ ઠીક કર્યું છે કે નહીં. ઓચિંતો વિમલનો અવાજ બહુ સ્પષ્ટ સંભળાયો, "પછી બહુ મોડું થઈ ગયું હશે.' જાણે તે આ ઓરડામાં જ છે, અહીં જ બોલ્યો છે. દૃષ્ટિ અસ્થિર થઈ ગઈ.

"શું, કંઈ જોઈએ છે, માસી?"

"ના, કંઈ જોઈતું નથી." કહી રન્ના શાંત થઈ ગઈ. તું આપી શકે એવું તો કશું જ જોઈતું નથી, પાયલ! શું જોઈએ છે તેની પણ બરાબર ખબર નથી - કદાચ જીવવાની એક બીજી તક. શું તું એ આપી શકીશ? યુકેલિપ્ટસના ઝાડની ટોચે ઝિલાતાં પ્રભાતનાં સૌથી પહેલાં કિરણોનો સોનેરી મંદ ઉજાસ જે તારા સમગ્ર જીવનમાં છલોછલ વ્યાપ્યો છે એમાંથી એકાદ ખોબો જોઈએ છે. શું તું એ આપી શકીશ? આપી અપાય કે લીધી લેવાય એવી તો એ ચીજ છે નહીં...

"રન્ના! અમારી કામવાળી વહેલી આવે છે. હવે તું નાહી લે."

"મા, ખરી છે તું તો!"

"ખરી જ છું તો! ત્યારે તો આ ઘર ચાલે છે. કેમ રન્ના?"

"સાચી વાત. ચાલ, હું નાહી લઉં."

વહેલા નાહવાનો કશો વાંધો નહોતો. પણ કામવાળીનો સમય પોતાના સમય

કરતાં વધારે અગત્યનો છે એ સત્યથી ટેવાવું પડશે. બીજી ઘણી વાતોથી હવે ટેવાવું પડશે.

પાયલ રસોઈ કરતી હતી. ઉમાએ કહ્યું, “ચાલ. પાછળ થોડાં શાકભાજી વાવ્યાં છે, તને બતાવું,”

ફરતાં ફરતાં બેચાર જાતના છોડ ને વેલ ઉમાએ ઓળખાવ્યાં પણ ખરાં, તોયે એ બધી વાત બહુ ઉપરછલ્લી સપાટી પર ચાલતી હતી તે તરત વરતાઈ આવતું હતું. આખરે એક વેંગણના છોડ પાસે નીચે નમીને પીળાં પાન તોડતાં તોડતાં ઉમાએ પૂછી નાખ્યું

“રન્ના! શું થયું છે?”

“કંઈ નહીં.”

ખૂબ આઘાત પામીને ઉમા સામે જોઈ રહી. “શું તને મારો ભરોસો નથી, રન્ના! તારા મનમાં વાગેલો કાંટો હું જોઈ શકીશ નહીં કે જોઈશ તો હચમચાવી મૂકીશ એવો તને ડર છે કે?” આવા અનેક ભાવો એની ફિક્કી મોટી અને વ્યથાપૂર્ણ આંખોમાં ઊભરાઈ આવ્યા.

શરમાઈને રન્ના બોલી, “સાચું જ કહું છું ઉમા! કંઈ હોત તો જરૂર કહેત. તારે જ ઘરે આવી છું ને!”

“એવું કંઈ નથી. આતિથ્ય માણવાની ફી એક નહીં ને બીજી રીતે વાળવી જ પડે એવું શું તું માને છે? મારે તને કંઈ પૂછવું નથી.”

“ઉમા!”

“લે આ તારું ફેવરિટ શાક ચોળી. કાલે કે પરમ દિવસે થોડી નીકળશે તો તને ઢોકળી નાખીને ખવડાવીશ.”

“ઉમા, પ્લીઝ!”

“ના, હવે જવા દે. આપણે બીજી કશીક વાત કરીએ.”

રન્ના શાંત થઈ ગઈ. ઉમા સાથે ફરતી રહી. શાકભાજી વિશે અને પૂનાની આબોહવા વિશે ઉમા જે કહેતી હતી તે સાંભળતી રહી. આખરે તેનો હાથ પકડી લઈને કહી નાખ્યું : “એવું નથી, ઉમા! મારી આટલી વાત તારે સાંભળવી જ પડશે. જ્યારે હું કહું છું કે કંઈ નથી થયું ત્યારે હું એમ કહેવા માગું છું કે લોકો જેને કોઈ મોટો પ્રસંગ માને એવું કંઈ નથી થયું. વિમલને કોઈ સ્ત્રી માટે આકર્ષણ થયું હોય કે એવું કશુંક...”

“કે તને!”

“હા, મને. મને પણ એવું કશું નથી થયું. વિમલનું અને મારું સર્કલ બહુ મોટું છે અને એમાં ઘણા બધા આકર્ષક માણસો છે પણ ખરા. પરંતુ સાચે જ ઉમા, એમાંના કોઈ માટે મેં ઘર નથી છોડ્યું.”

“તો પછી?”

રન્ના શાંત થઈ ગઈ.

“આજે ને આજે મારે આ બધી વાત નહોતી કાઢવી જોઈતી, રન્ના! પણ હવે નીકળી જ છે તો તને વાંધો ન હોય તો કહે.”

“હું કહેવાય એટલું કહું છું. તું સમજાય એટલું સમજજે. મારી એક વાત સાંભળ! બહુ ઊંડો કે મોટો ઘા થયો હોય ને અંદરથી ધગધગતું લોહી નીકળતું હોય ત્યારે બહુ સમજાવવા કરવાની જરૂર પડતી નથી. લોકો જાતે જ સમજીને માણસને હૉસ્પિટલ ભેગો કરી દે છે. પણ જ્યારે અનેક નાના નાના અદશ્ય ઘાથી ચામડી ઉતરડાઈ ગઈ હોય ત્યારે?”

“યુ મીન સૅન્ડપેપર સર્જરી?”

“એવું જ કંઈક. એનાથી લાય તો બળે છે. પણ જ્યારે કોઈ પૂછે કે શું થયું. ત્યારે સમજાવી શકાતું નથી.”

“સૉરી, રન્ના! તું હવે પ્રયત્ન ન કરતી, એની મેળે વખત આવ્યે સમજાશે.”

“તને ખરાબ નથી લાગ્યું ને?”

“ના.”

“અચ્છા તો પછી સમજાવ. તારી ચોળીને કઈ સીઝનમાં કેટલું ખાતર નાખવું જોઈએ!”

ઉમા આશ્ચર્યચકિત થઈને રન્ના સામે જોઈ રહી અને પછી હસી પડી. એનો ચહેરો જાણે હસવાને ટેવાયેલો ન હોય એમ ઠેકઠેકાણેથી તરડાઈ ગયો. રન્ના હસી અને વિચાર કરવા લાગી. આ હસવાનું ભૂલી ગયેલા હોઠ અને પેલો નિરંતર વહેતો રહેતો હાસ્યનો ફૂવારો, બેનો મેળ કેમ મળતો હશે? તોયે બન્ને વચ્ચે મા-દીકરીનો અતૂટ સંબંધ છે, એકતા છે.

જન્મથી બંધાયેલા સંબંધની તોલે લાગણીના સંબંધો ન આવે. કે આવે?

ગૂંચાયેલી રન્નાએ કપાળે હાથ ફેરવ્યો. ઉમા તરત બોલી ઊઠીઃ “તાપમાં ફરીને તારું માથું દુખતું હશે, ચાલ અંદર જઈને બામ લગાડી આપું.”

"ના, મને એવી ટેવ નથી. ચાલ, આપણે પેલા હીંચકા પર જઈને બેસીએ."

મધમાખીના ગુંજારવ જેવો શાંતિપ્રેરક અવાજ પોતે મુંબઈમાં છેલ્લો ક્યારે સાંભળેલો? હીંચકાને આછી ઠેસ મારતાં રન્ના વિચારી રહી. ઉમાએ વાડીના એક ખૂણામાં મધમાખીઓ માટેનો ડબો ગોઠવ્યો હતો. એની આસપાસ મધમાખીઓ ઊડ્યા કરતી હતી.

"કરડે નહીં?"

"અમને તો નથી કરડતી. છંછેડીએ નહીં તો શા માટે કરડે?"

સાચી જ વાત. સૃષ્ટિનો ક્રમ હતો. માણસ જ એક એવો હતો કે વગર છંછેડ્યે – કોને ખબર છે, એને પણ અંતરમાં કોઈ એવો અદૃશ્ય છંછેડાટ થતો હશે ત્યારે જ એ ડંખીલો બનીને સંસારમાં બહાર નીકળતો હશે, જે સામે આવે એને કરડી બેસતો હશે.

"ઉમા!"

"શું કહ્યું?"

"મને નોકરી ન મળે?"

"કેવી?"

"કોઈ પણ જાતની."

"અં... તને શું આવડે છે? ટાઇપિંગ કે ઍકાઉન્ટ્સ કે એવું કશું શીખી છે?"

"ના."

"બી.એડ.? લાઇબ્રેરિયન્સ ડિપ્લોમા?"

"ના ભઈ, પરણ્યા પછી મેં બીજું તો કશું જ નથી કર્યું."

"હં..."

"તો પછી નોકરી ન મળે?"

"મળે ને! આપણે કંઈક શોધી કાઢીશું."

"વારુ."

રન્ના સમજી ગઈ. આ માત્ર આશ્વાસન હતું. વાત કંઈ ખોટી પણ નહોતી. પોતે નોકરી કરવા માટે કશી જ આવડત ધરાવતી નહોતી. ઓચિંતી એક સવારે ઘર છોડીને ચાલી નીકળી તે માટે સંસાર કંઈ એને સગવડ કરી આપવા બંધાયેલો નહોતો.